નર્મદા યોજના કામ પૂર્ણ કરવા બાબત

*** 15/4/1574:** શ્રી શૈલેષ મનુભાઇ પરમાર: પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક:૨૩૧(અગ્રતા-૧૪) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના તમામ કામો વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન હતું તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા પ્રકારના કેટલા કામો બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત,

- તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ નહેર માળખાની કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ, પૂર્ણ થયેલ લંબાઇ તથા બાકી રહેલ અંદાજીત લંબાઇ ની વિગતો નીચે મુજબ છે.

| નહેરનું નામ | કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૨૬૭૯.૬૦ | ૦.૬૪ |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૬ | ૪૪૬૧.૭૬ | ૧૫૭.૩૯ |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭ | ૧૪૫૭૬.૯૬ | ૧૦૦૬.૦૨ |
| પ્રપ્રશાખા | ૪૬૧૫૬.૭૨ | ૪૧૫૯૬.૩૬ | ૪૫૬૦.૩૬ |
| કુલ | ૬૯૪૯૭.૪૧ | ૬૩૭૭૩.૦૦ | ૫૭૨૪.૪૧ |

ઉપરોક્ત અંદાજીત લંબાઇમાં હજુ વધ/ઘટ થવા સંભવ છે.

- લઘુ જળ વિદ્યુત મથકોમાં કુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેક્ટ પૈકી તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ ૬૩.૮૦ મેગાવોટ્ના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીના કામ પ્રગતિમાં છે.

(૨) નર્મદા યોજના પૂર્ણ થવાની ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટરમાં નર્મદા યોજનાથી સિંચાઇનો લાભ મળે છે,

(૨) નર્મદા યોજનામાં તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી સબમાઇનોર સુધીના કામો પૈકી ૧૫.૫૩ લાખ હેક્ટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે અને સિંચાઇનો લાભ આપી શકાય તેમ છે .

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

(૩)
- નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- સરદાર સરોવર નર્મદા નિગમ લી. નહેર માળખાની સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૨૧.૬૬ મેગાવોટ ના ૨ નાના વીજ મથકો બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---